| | | | | |
|---|---|---|---|---|
| GJPM010000202026 | કેસ રજુ તારીખ: | ૦૨–૦૧–૨૦૨૬ | | |
| | કેસ નોધ્યા તારીખ : | ૦૨–૦૧–૨૦૨૬ | | |
| | કેસ ફેંસલ કર્યા તારીખ: | ૩૦–૦૪–૨૦૨૬ | | |
| | સમયગાળો : | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૦ | ૦૩ | ૨૮ |

**Exh.-78**

**પંચમહાલ જિલ્લાનાં મે. સ્પે.કોર્ટ(પોકસો) અને ચોથી એડીશનલ સેશન્સ કોર્ટ સમક્ષ, મુ.ગોધરા,જિ.પંચમહાલ.**

**જજમેન્ટ તારીખ : ૩૦/૦૪/૨૦૨૬**

**સ્પે.કેસ (પોકસો)નં. ૧/૨૦૨૬**

શહેરા પો.સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૦૭૦૬૧૨૫૦૬૬૨/૨૦૨૫

ભારતીય ન્યાય સંહિતાની કલમ ૮૭, ૧૩૭(૨), ૬૪(૨)(એમ), તથા જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમની કલમ–૪,૬, ૧૨ મુજબ.

| | |
|---|---|
| Complainant | ગુજરાત રાજય |
| Represented by | વિ.એ.પી.પી. શ્રી એમ.કે.દેશમુખ |
| Accused | સંજયભાઇ ગુલાબભાઇ ખાંટ<br>ઉ.વ.–૨૩,<br>રહે. જુના મીરાપુર ખાંટ ફળિયું, તા. શહેરા, જિ.પંચમહાલ. |
| Represented by | આરોપીના વિ.વકીલ શ્રી એ.સી.બારીઆ |

**FORM-B**

| | |
|---|---|
| Date of Offence | 10-07-2025 |
| Date of FIR | 21-07-2025 |
| Date of Charge sheet | 02-01-2026 |
| Date of Framing of Charges | 19-01-2026 |
| Date of commencement of evidence | 21-01-2026 |
| Date on which Judgment is reserved | 15-04-2026 |

| Date of the Judgment | 30-04-2026 |
|---|---|
| Date of the Sentencing Order, if any | -- |

## Accused Details

| Rank of the Accused | Name of Accused | Date of Arrest | Date of Released on Bail | Offence charged with | Whether Acquitted or convicted | Sentence Imposed | Period of Detention Undergone during Trial for purpose of section 468, BNSS |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | સંજયભાઇ ગુલાબભાઇ ખાંટ | ૫/૧૦/૨૫ | ૬/૨/૨૩ | બી.એન. એસ.ની કલમ ૮૭, ૧૩૭(૨), ૬૪(૨)(એમ) તથા પોકસો એકટ ની કલમ-૪,૬,૧૨ મુજબ | Acquitted | – | – |

**:: ચુકાદો ::**

**૧.** ધી પોકસો એકટની જોગવાઇઓ તથા નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદાઓમાં પ્રસ્થાપિત સિધ્ધાંતને લક્ષમાં રાખી આ ચુકાદામાં ભોગબનનારના નામનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી અને તેના નામની જગ્યાએ 'ભોગબનનાર' તરીકે ઉલ્લેખ કરેલ છે અને ભોગબનનારના સગાવહાલાના નામના સ્થાને ભોગબનનારના સંદર્ભમાં તેમનું સગપણ દર્શાવી તેમનો ઉલ્લેખ કરેલ છે.

**૨.** આરોપી ભારતીય ન્યાય સંહિતાની કલમ ૮૭, ૧૩૭(૨), ૬૪(૨)(એમ) તથા ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસુઅલ ઓફેન્સ એકટની (જેનો હવે પછી '' પોકસો એકટ '' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) કલમ -૪, ૬ અને ૧૨ મુજબ શિક્ષાને પાત્ર ગુનામાં ઇન્સાફી કાર્યવાહીનો સામનો કરી રહેલા છે.

**૩.** ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપીએ ફરીયાદીની સગીર વયની દીકરી ભોગબનનારને તેણીનો મોબાઈલ નંબર આપી તેણીની સાથે વાતો કરી અને તેણીને પટાવી, ફોસલાવી, પ્રેમસંબંધ રાખી તેમના ગામની ટેકરીએ મળતો અને તેણીની સાથે શરીરસંબંધ બાંધતો અને તા.૯/૭/૨૫ ના રાત્રીના કલાક ૨૧-૦૦ થી તા. ૧૦/૭/૨૫ ના ૭-૦૦ દરમ્યાન તેમના ગામેથી આરોપીએ ભોગબનનાર ઉ.વ.-૧૭ વર્ષ, ૩

માસનીને પટાવી, ફોસલાવી, શારીરીક શોષણ કરવાના ઈરાદે ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી ભગાડી મોરબી લઇ જઇ આરોપીએ ભોગબનનાર સાથે અવાર નવાર શરીર સંભોગ કરી ગુનો કરેલ છે.

**૪.** ભોગબનનારના પિતાએ શહેરા પોલીસ સ્ટેશનના સત્તાધિકારી સમક્ષ આ ગુનાની જાહેરાત કરતાં સત્તાધિકારીએ શહેરા પો.સ્ટેશન ગુ. ર. નં. ૧૧૨૦૭૦૬૧૨૫૦૬૬૨થી આરોપી સામે ગુનો નોંધેલો અને તપાસનીશ અધિકારીએ આ ગુનાની તપાસના અંતે હાલના આરોપી સામે સ્પેશ્યલ કોર્ટ, ગોધરામાં ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૩૭(૨), ૬૪(૨)(એમ) તથા જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમની કલમ−૪, ૬, ૧૨ મુજબના શિક્ષાપાત્ર ગુનાનું ચાર્જેશીટ રજુ કરેલું.

**૫.** આરોપી હાજર થતા તપાસના કાગળોની નકલો આપી ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ−૨૪૯ અન્વયે બંને પક્ષને સાંભળી આંક−૮ થી આરોપી વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૮૭, ૧૩૭(૨), ૬૪(૨) (એમ) તથા જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમની કલમ−૪, ૬ અને ૧૨ મુજબના ગુનાનું તહોમતનામું ફરમાવી, વાંચી, સંભળાવી, સમજાવતાં આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલો અને તે મતલબની આરોપીની પ્લી યાને નિવેદન આંક−૯ થી નોંધવામાં આવેલ અને સદર કેસ ફરીયાદ પક્ષના પુરાવો રજુ કરવા માટે રાખવામાં આવેલો.

**૬.** ફરીયાદ પક્ષે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

## LIST OF PROSECUTION WITNESS

| Rank | Exhibit | Name | Nature of evidence |
|---|---|---|---|
| PW-1 | ૧૦ | રત્નાભાઇ ગલાભાઇ વણકર | આરોપીના કપડા તથા મોટર સાઈકલ કબજે કર્યાના પંચનામાના પંચ |
| PW-2 | ૧૫ | ગુલાબભાઇ કાનાભાઇ પટેલીયા | આરોપીના કપડા તથા મોટર સાઈકલ કબજે |

| | | | |
|---|---|---|---|
| | | | કર્યાના પંચનામાના પંચ |
| PW-3 | ૧૬ | નિલેશભાઇ તખતસિંહ બારીઆ | ભોગબનનારના કપડા કબજે કર્યાના તથા ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ |
| PW-4 | ૨૪ | ભોગબનનાર | ભોગબનનાર |
| PW-5 | ૨૬ | ભોગબનનારના પિતા | ફરીયાદી |
| PW-6 | ૨૮ | ભોગબનનારની માતા | સાહેદ |
| PW-7 | ૨૯ | પર્વતસિંહ ફતાભાઇ બારીઆ | આચાર્ય |
| PW-8 | ૩૩ | મહેશભાઇ વિરસીંગભાઇ ભાભોર | તલાટી–કમ–મંત્રી |
| PW-9 | ૩૮ | ડો.ખુશ્બુ નારસીંગભાઇ ડામોર | મેડીકલ ઓફીસર |
| PW-10 | ૪૮ | ડો.આંકાક્ષા રાકેશભાઇ વૈદ્ય | ગાયનેકોલોજીસ્ટ |
| PW-11 | ૫૧ | ડો.દિગંત ડાહ્યાભાઇ પટેલ | મેડીકલ ઓફીસર |
| PW-12 | ૫૮ | ડો.વનરાજ મનહરસિંહ ચૌહાણ | મેડીકલ ઓફીસર |
| PW-13 | ૬૪ | સતીષકુમાર લીમજીભાઇ કામોળ | તપાસ કરનાર અમલદાર |
| PW-14 | ૬૭ | ગણપતભાઇ બુધાભાઇ બારીઆ | પોલીસ સ્ટેશન ઓફીસર |
| PW-15 | ૬૯ | અંકુર બાબુભાઇ ચૌધરી | તપાસ કરનાર અમલદાર |

## LIST OF PROSECUTION EXHIBITS

| Sr. No. | Exhibit Number | Description |
|---|---|---|
| 1 | Ex-11/PW-1 | આરોપીના કપડા કબજે કર્યાનું પંચનામું |
| 2 | Ex-12/PW-1 | મોટર સાઇકલ કબજે કર્યાનું પંચનામું |
| 3 | Ex-13,14/PW-1 | મુદ્દામાલ કાપલીઓ |
| 4 | Ex-17/PW-3 | પંચ ફાળવણીના હુકમની નકલ |
| 5 | Ex-18/PW-3 | ભોગબનનારના કપડા કબજે કર્યાનું પંચનામું |
| 6 | Ex-19,20/PW-3 | મુદ્દામાલ કાપલીઓ |
| 7 | Ex-21/PW-3 | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| 8 | Ex-22/PW-3 | સમજ યાદી |
| 9 | Ex-25/PW-4 | બી.એન.એસ.એસ.ની કલમ ૧૮૩ મુજબનુ નિવેદન |

| Sr. No. | Exhibit Number | Description |
|---|---|---|
| 10 | Ex-27/PW-5 | ફરીયાદ |
| 11 | Ex-30/PW-7 | જનરલ રજીસ્ટરની ખરી નકલ |
| 12 | Ex-31/PW-7 | વાલી ફોર્મ |
| 13 | Ex-32/PW-7 | જન્મ તારીખનો દાખલો |
| 14 | Ex-34/PW-8 | તલાટી–કમ–મંત્રીએ લખેલ પત્ર |
| 15 | Ex-39/PW-9 | આરોપીની મેડીકલ તપાસણી અંગેની યાદી |
| 16 | Ex-40/PW-9 | આરોપીનુ સંમતિપત્ર |
| 17 | Ex-41/PW-9 | એફ.એસ.એલ.નમુના સોંપ્યાની યાદી |
| 18 | Ex-42/PW-9 | આરોપીનુ એમ.એલ.સી. |
| 19 | Ex-43/PW-9 | ભોગબનનારની મેડીકલ તપાસણી અંગેની યાદી |
| 20 | Ex-44/PW-9 | ભોગબનનારનુ સંમતિ અંગેના કેસ પેપર |
| 21 | Ex-45/PW-9 | એફ.એસ.એલ.નમુના સોંપ્યાની યાદી |
| 22 | Ex-46/PW-9 | ભોગબનનારનુ એમ.એલ.સી. |
| 23 | Ex-49/PW-10 | ભોગબનનારનો ગાયનેક રીપોર્ટ |
| 24 | Ex-52/PW-11 | ફેરબદલી ફોર્મ |
| 25 | Ex-53/PW-11 | આરોપીની મેડીકલ તપાસ માટેની યાદી |
| 26 | Ex-54/PW-11 | સર્જન ડોકટરે કરેલ તપાસના કાગળો |
| 27 | Ex-55/PW-11 | આરોપીના લેબ રીપોર્ટ |
| 28 | Ex-56/PW-11 | આરોપીનુ એમ.એલ.સી. |
| 29 | Ex-59/PW- 12 | ભોગબનનારની મેડકીલ તપાસ માટેની યાદી |
| 30 | Ex-60/PW-12 | રીફર નોટ |
| 31 | Ex-61/PW-12 | ભોગબનનારની સંમતિ અંગેના કેસ પેપર |
| 32 | Ex-62/PW-12 | ભોગબનનારનો લેબ રીપોર્ટ |
| 33 | Ex-63/PW-12 | ભોગબનનારનુ એમ.એલ.સી. |
| 34 | Ex-65/PW-13 | સરકારી પંચો ફાળવવા અંગેની યાદી |

| Sr. No. | Exhibit Number | Description |
|---|---|---|
| 35 | Ex-66/PW-13 | ભારે ગુનાનો રીપોર્ટ |
| 36 | Ex-68/PW-14 | સુચિપત્ર |
| 37 | Ex-70/PW-15 | ભોગબનનારનું બી.એન.એસ.એસ.ની કલમ ૧૮૩ મુજબનુ નિવેદન લેવડાવવા એડી.ચીફ કોર્ટ શહેરાને કરેલ યાદી |
| 38 | Ex-71/PW-15 | યાદી |
| 39 | Ex-72/PW-15 | રવાનગી નોંધ તથા સત્તા અંગેનુ પ્રમાણપત્ર |
| 40 | Ex-73/PW-15 | મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ |
| 41 | Ex-74/PW-15 | જન્મ તારીખનો દાખલો |
| 42 | Ex-75/PW-15 | એફ.એસ.એલ. વડોદરાનો પત્ર |
| 43 | Ex-76/PW-15 | બાયોલોજી તથા સીરોલોજીકલ રીપોર્ટ |

**Material Objects:**

| Sr. No. | Material Obj. No. | Description |
|---|---|---|
| 1 | MO-1 | એક આછા વાદળી કલરનુ શર્ટ |
| 2 | MO-2 | એક આછા આસમાની કલરનુ પેન્ટ |
| 3 | MO-3 | એક બ્લયુ આસમાની કલરનુ ટોપ |
| 4 | MO-4 | એક લેંગી શાહી કલરની |
| 5 | MO-5 | એક મો.સા.નં. જી.જે. ૧૭ સીડી ૪૭૫૨ |

**૭.** ફરીયાદ પક્ષે આ સિવાય અન્ય કોઇ પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને તેઓ વધુ કોઇ પુરાવો રજુ કરવા માંગતા ના હોવાનું આંક–૭૭ થી કલોઝીંગ પુરસીસ રજુ કરી જાહેર કરેલ છે.

૮. ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયા બાદ બી.એન.એસ.એસ.ની કલમ – ૩૫૧ અન્વયે આરોપીના વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીએ ફરીયાદ પક્ષના પુરાવાનો ઈન્કાર કરી મુખ્યત્વે નકારાત્મક બચાવ લીધેલ છે અને તેમને બચાવના સાહેદો તપાસવા નથી કે સોગંદ ઉપર જુબાની આપવી નથી તેમ જણાવી વિશેષમાં જણાવેલ છે કે, તેઓએ

કહેવાતો કોઇ ગુન્હો કરેલ નથી તેમ છતા પોલીસે તેમની ઘરપકડ કરી તેમને આ ગુન્હાના કામે તેમની સામે પુરતો પુરાવો ન હોવા છતાં તેમની સામે ખોટું ચાર્જશીટ કરેલ છે. જેથી તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

**૯.** આરોપી પક્ષે કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી. કોર્ટના સાક્ષી તરીકે કોઇ વ્યકિતને તપાસેલા નથી.

**૧૦.** ત્યારબાદ ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી. શ્રી એમ.કે.દેશમુખની મૌખિક દલીલો સાંભળી તથા બચાવ પક્ષે આરોપી તરફે વિ.વકીલ શ્રી એ.સી.બારીઆની મૌખિક દલીલો સાંભળી.

**૧૧.૧** વિ.એ.પી.પી.શ્રી ની દલીલ એવી છે કે, મોટર સાઈકલ કબજે કર્યાના તથા આરોપીના કપડા કબજે કર્યાના પંચનામાના પંચો ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા નથી પરંતું તપાસ કરનાર અમલદારની જુબાનીમાં આ પંચનામા પુરવાર થાય છે તેમજ ભોગબનનારના કપડા તથા ભોગબનનારે બતાવેલી જગ્યાના પંચનામાના પંચની જુબાનીથી પંચનામા પુરવાર થાય છે.

**૧૧.૨** તેમની વધુમાં દલીલ એવી છે કે, આચાર્યની જુબાનીમાં ભોગબનનારની જન્મ તા.૨૫/૦૩/૨૦૦૮ રેકર્ડ ઉપર આવેલી છે અને તેથી ભોગબનનારની જન્મ તારીખ ફરીયાદ પક્ષ પુરવાર કરી શકેલ છે અને તેથી બનાવ વખતે ભોગબનનાર સગીર વયની હોવાનુ પુરવાર થાય છે.

**૧૧.૩** તેમની વધુમાં દલીલ એવી છે કે, ભોગબનનાર તેમની જુબાનીમાં જણાવે છે કે આરોપી સંજય તેણીને બાઈક ઉપર બેસાડી ગોધરા લઈ ગયેલ અને ત્યાંથી અમદાવાદ થઈ મોરબી લઈ ગયેલો. ભોગબનનારે વિ. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ રૂબરૂ લખાવેલ નિવેદનથી તથા ડોકટર સમક્ષ લખાવેલી હીસ્ટ્રીથી પણ ભોગબનનારની જુબાનીને સમર્થન મળે છે તેમજ ભોગબનનારના માતા-પિતાની જુબાનીથી પણ ભોગબનનારની જુબાનીને સમર્થન મળે છે અને તેથી ભોગબનનારનું આરોપી અપહરણ કરી લઈ ગયેલ હોવાનું પુરવાર થાય છે.

**૧૧.૪** તેમની વધુમાં દલીલ એવી છે કે, ભોગબનનાર તેની જુબાનીમાં જણાવે છે કે તે અને આરોપી પતિ-પત્ની તરીકે રહેતા હતા અને ભોગબનનારે વિ. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ રૂબરૂ લખાવેલ નિવેદનમાં તથા ડોકટર સમક્ષ લખાવેલી હીસ્ટ્રીમાં આરોપીએ ભોગબનનાર સાથે શરીરસંબંધ બાંધેલાનું જણાવેલ છે અને તેથી આરોપીએ ભોગબનનાર સાથે શારીરીક સંભોગ કરેલ હોવાનું પુરવાર થાય છે.

**૧૧.૫** તેમની વધુમાં દલીલ એવી છે કે, સગીર વયની ભોગબનનારને તેણીના વાલીની સંમતિ વિના આરોપીએ લઈ જઈ અપહરણનો ગુનો આચરેલાનું અને તેણીની સાથે અવાર નવાર શરીરસંભોગ કરી આરોપીએ બળાત્કાર તથા ગંભીર પ્રવેશ જાતીય હુમલો કરેલાનું પુરવાર થાય છે અને તેથી ફરીયાદ પક્ષ પોતાનો કેસ પુરવાર કરી શકેલા છે.

**૧૨.૧** આરોપી તરફે વિ.વકીલની દલીલ એવી છે કે, ભોગબનનારની ઉંમર ફરીયાદ પક્ષ પુરવાર કરી શકેલ નથી. ફરીયાદ પક્ષે તલાટી-કમ-મંત્રીને તપાસેલા છે અને તેમને તેમની જુબાનીમાં સ્પષ્ટ જણાવેલ છે કે ભોગબનનારના જન્મની તેમના ગ્રામ પંચાયતમાં નોંધ થયેલી નથી. જયારે, ફરીયાદી સાથે ભોગબનનારના જન્મનો દાખલો રજુ કરવામાં આવેલો છે અને તેમાં જે જન્મ તારીખ અને જન્મ નોંધણીની તારીખ લખેલી છે તેવા દિવસે કોઈ જન્મની નોંધ થયેલી નથી. જેથી, ભોગબનનારના જન્મના પુરાવામાં ખોટો દાખલો રજુ કરેલ છે અને તેથી ભોગબનનારની જે જન્મ તારીખ લખાવવામાં આવેલી છે તે ખોટી હોવાનું પુરવાર થાય છે અને તેથી બનાવ વખતે ભોગબનનાર સગીર વયની હોવાનું પુરવાર થઈ શકતું નથી.

**૧૨.૨** તેમની વધુમાં દલીલ એવી છે કે, મોટર સાઈકલ તથા આરોપીના કપડા કબજે કર્યાના પંચો ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતાં નથી અને તેથી આ પંચનામાઓ પુરવાર થઈ શકતા નથી. વધુમાં, ભોગબનનારના કપડા કબજે કર્યાના પંચની જુબાની જોવામાં આવે તો તે ભોગબનનારી લેંગીનો રંગ અલગ જણાવી રહેલ છે અને તેથી તેની હાજરીમાં આ પંચનામું થયેલ હોવાનું પુરવાર થઈ શકતું નથી. વધુમાં, આ પંચ સાહેદની જુબાની

જોવામાં આવે તો શહેરાથી ગુનાવાળી જગ્યાએ જતા પીસ્તાલીસ મીનીટ જેટલો સમય લાગે તેમ જણાવે છે જયારે ગુનાવાળી જગ્યાનું પંચનામું જોવામાં આવે તો કલાક ૧૮:૦૫ વાગે પંચનામું કરવા શહેરા પોલીસ સ્ટેશનથી નીકળ્યા હોવાની નોંધ કરેલી છે અને પંચનામું પુરૂ કર્યાનો સમય ૧૮:૧૫ વાગ્યાનો નોંધેલ છે જેથી સ્થળ ઉપર જઈ આવુ કોઈ પંચનામુ કરવામાં આવેલ હોય તેમ જણાતું નથી અને તેથી આ પંચનામાની હકીકતો શંકાસ્પદ બને છે.

**૧૨.૩** તેમની વધુમાં દલીલ એવી છે કે, ભોગબનનારની જુબાની તથા ભોગબનનારના પિતાની જુબાની જોવામાં આવે તો ભોગબનનારના લગ્નની વાત ચાલતી હોવાની અને ભોગબનનારને તે છોકરો પસંદ ના હોવાનું પુરવાર થાય છે અને ભોગબનનારની જુબાની જોતાં તેણીને આ લગ્ન કરવા ના હોય તે તેના માતા-પિતાના કહ્યા વિના ઘરેથી નીકળી ગયેલી હોવાનું અને સંજયને બોલાવેલ હોવાનું પુરવાર થાય છે અને ભોગબનનારના લગ્ન નકકી કરતા હોય ભોગબનનાર પુખ્ત વયના હોવાનુ માનવાને કારણ છે જેથી ભોગબનનારનું આરોપીએ અપહરણ કરેલાનું પુરવાર થતું નથી.

**૧૨.૪** તેમની વધુમાં દલીલ એવી છે કે, ભોગબનનાર તેમની જુબાનીમાં આરોપીએ તેણીની સાથે શરીરસંભોગ કરેલ હોવાનું જણાવેલ નથી. જેથી, ભોગબનનાર સાથે આરોપીએ શરીરસંભોગ કરેલ હોવાનું પુરવાર થઈ શકતું નથી.

**૧૨.૫** તેમની વધુમાં દલીલ એવી છે કે, ભોગબનનાર સગીર વયની હોવાનું ફરીયાદ પક્ષ પુરવાર કરી શકેલ નથી અને ભોગબનનારનું આરોપીએ અપહરણ કરેલ હોવાનું કે તેણીની સાથે શરીરસંભોગ કરેલ હોવાનું પુરવાર થતુ ના હોય ફરીયાદ પક્ષ આરોપી સામેનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ હોય આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જોઈએ.

**૧૩.** સદરહું કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

<u>**મુદ્દા :–**</u>

૧. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, બનાવ વખતે ભોગબનનાર અઢાર વર્ષ કરતાં ઓછી ઉંમરના હતા?

૨. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ તા. ૧૦/૭/૨૫ ના રાત્રીના સમયે આ કામના ફરીયાદીની સગીર વયની દીકરી ભોગબનનાર ઉ.વ.–૧૭ વર્ષ, ૩ માસને તેમના ગામેથી પટાવી, ફોસલાવી, લગ્ન કરવાની લાલચ આપી, તથા શારીરીક શોષણ કરવાના ઈરાદે તેણીના વાલીની સંમતિ વગર ભોગબનનારનું અપહરણ કરી અમદાવાદ તથા મોરબી મુકામે લઈ જઈ આરોપીએ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૩૭(૨), ૮૭ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૩. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ તા.૧૦/૭/૨૫ થી તા.૫/૧૦/૨૫ દરમ્યાન ભોગબનનારને મોરબી ગામે અવાર નવાર શરીર સંભોગ કરી તથા ફરીયાદ આપી તે પહેલા પણ ભોગબનનાર સાથે તેમના ગામે આવેલ જંગલમાં અવાર નવાર શરીર સંભોગ કરી ભારતીય ન્યાય સંહિતાની કલમ ૬૪(૨)(એમ) તથા ધી પોકસો એકટની કલમ ૪, ૬ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૪. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ તા.૧૦/૭/૨૫ પહેલા જાતિય ઈરાદાઓથી ભોગબનનારને ફોન લઈ આપી તથા ભોગબનનાર સાથે ફોન ઉપર વાતચીત કરી ધી પોકસો એકટની કલમ ૧૨ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૫. શું હુકમ ?

**૧૪.** ઉપરોકત મુદ્દા પરત્વેના નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. નકારમાં.

૩. નકારમાં.

૪. નકારમાં.

૫. આખરી હુકમ મુજબ

## <u>-:: કારણો ::-</u>

<u>**મુદ્દા નં. ૧ :-**</u>

**૧૫.** ફરીયાદ પક્ષના સાહેદ, આચાર્ય, પર્વતસિંહ ફતાભાઇ બારીઆ (PW-7, Exh.-29)ની જુબાની મુજબ ભોગબનનારના કાકીએ આપેલી માહીતીના આધારે પ્રવેશ ફોર્મ ભરવામાં આવેલુ અને ભોગબનનારની જન્મ તા.૨૫/૩/૨૦૦૮ નોંધવામાં આવેલી અને ભોગબનનારને ધોરણ-૧માં તેમની શાળામાં પ્રવેશ આપવામાં આવેલો અને તેમની શાળાના જનરલ રજીસ્ટરમાં ભોગબનનારની જન્મ તા.૨૫/૩/૨૦૦૮ નોંધવામાં આવેલી છે. તેમની જુબાનીમાં આંક-૩૦ થી જનરલ રજીસ્ટરના ઉતારાની ખરી નકલ, આંક-૩૧ થી પ્રવેશ ફોર્મની ખરી નકલ, આંક-૩૨ થી જન્મ તારીખનો દાખલો રજુ કરેલ છે. આંક-૩૧ થી રજુ પ્રવેશ ફોર્મ જોવામાં આવે તો તેમાં ભોગબનનારના કાકીની સહી લેવામાં આવેલ હોવાનું જણાય છે. જેથી, આ પ્રવેશ ફોર્મ ભોગબનનારના કાકીએ આપેલી માહીતીના આધારે લખવામાં આવેલ હોય તેમ જણાય છે. વધુમાં, આ સાહેદની આરોપી પક્ષે કરવામાં આવેલી ઉલટતપાસમાં તે કબુલ રાખે છે કે, વિદ્યાર્થીની જન્મ તારીખ તથા અન્ય વિગત શેના આધારે નોંધવામાં આવેલી તેની મને જાત માહીતી નથી. આમ, આ સાહેદની જુબાની જોતાં ભોગબનનારના કાકીએ આપેલી માહીતીના આધારે ભોગબનનારની જન્મ તારીખ લખવામાં આવેલી હોવાનું જણાય છે પરંતું ભોગબનનારના કાકીએ શેના આધારે ભોગબનનારની જન્મ તારીખ લખાવેલી તેની તેમને માહીતી ના હોવાનું જણાય છે.

**૧૬.** ફરીયાદ પક્ષના સાહેદ, તલાટી-કમ-મંત્રી, મહેશભાઇ વિરસીંગભાઇ ભાભોર (PW-8, Exh.-33)ની જુબાની મુજબ તેમની કચેરીના ૨૦૦૮ ના જન્મ નોંધણી રજીસ્ટરમા ભોગબનનારના નામના કોઇ બાળકની જન્મની નોંધણી થયેલી નથી. જેથી, આ સાહેદની જુબાની જોતાં તેમના ગ્રામ પંચાયતના રજીસ્ટરમાં ભોગબનનારના જન્મની નોંધ થયેલી ના હોવાનું જણાય છે.

**૧૭.** ભોગબનનારના પિતા (PW-5, Exh-26) ની જુબાની મુજબ ભોગબનનારની જન્મ તારીખ તેમને યાદ ના હોવાનું અને બનાવ વખતે ભોગબનનારને ૧૮ વર્ષ થવામાં સાત મહીના ખુટતા હોવાનુ જણાવેલ છે. આ સાહેદની આરોપી પક્ષે કરવામાં આવેલી ઉલટતપાસ જોવામાં આવે તો તે તેમની ઉલટતપાસમાં જણાવે છે કે ભોગબનનારને શાળાએ ભણવા મુકવા તેમના ભાભી ગયેલા અને ત્યારે તે તલાટીનો દાખલો લઈને ગયેલા.

**૧૮.** ભોગબનનારની માતા (PW-6, Exh-28) ની જુબાની જોવામાં આવે તો તેમને ભોગબનનારની જન્મ તારીખ ૨૫/૩/૨૦૦૮ હોવાનુ જણાવેલ છે.

**૧૯.** આમ, ભોગબનનારની ઉંમર બાબતે સમગ્ર પુરાવો જોવામાં આવે તો ભોગબનનારના જન્મના પુરાવામાં ભોગબનનારને શાળાનું રેકર્ડ રજુ થયેલ છે અને ભોગબનનારની જન્મ તારીખ ભોગબનનારના કાકીએ આપેલી માહીતીના આધારે ભોગબનનારની જન્મ તારીખ લખવામાં આવેલી હતી તેમ જણાઈ આવે છે. ફરીયાદ પક્ષે ભોગબનનારના કાકીને સાહેદ તરીકે તપાસેલ નથી જેથી તેમને ભોગબનનારની જન્મ તારીખ વ્યક્તિગત માહીતીના આધારે લખાવી કે કયા આધારે લખાવી તે નકકી થઈ શકે તેમ નથી. પરંતું, ભોગબનનારના પિતા (PW-5, Exh-26) ની જુબાની જોતાં ભોગબનનારના કાકી જન્મ તારીખ લખાવવા તલાટીનો દાખલો લઈ ગયેલા હોવાનું જણાય છે. પરંતું, તલાટી–કમ–મંત્રી, મહેશભાઇ વિરસીંગભાઇ ભાભોર (PW-8, Exh.-33)ની જુબાની જોવામાં આવે તો ભોગબનનારના જન્મની કોઈ નોંધ થયેલી ના હોવાનું જણાય છે. જેથી, ભોગબનનારની જન્મ તારીખ કયા જન્મના પ્રમાણપત્રના આધારે લખવામાં આવી તે અંગેનો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવતો નથી. આ સંજોગોમાં ફરીયાદ પક્ષે નિ. ૬/૩થી ભોગબનનારના જન્મના દાખલાની નકલ રજુ કરેલ છે તે જોવી જરૂરી જણાય છે. આ જન્મના દાખલાની નકલ ફરીયાદીએ ફરીયાદ સાથે રજુ કરેલી તે છે. આ જન્મનો દાખલો જોતાં તેમાં ભોગબનનારની જન્મ તા.૨૯/૦૩/૨૦૦૮ લખેલી હોવાનું જણાય છે અને તે જન્મની નોંધ તા.૩૧/૦૩/૨૦૦૮ના રોજ કરવામાં આવેલી છે અને તેમાં નોંધણીનો ક્રમાંક લખવામાં આવેલ નથી.

પરંતું, તલાટી–કમ–મંત્રી, મહેશભાઇ વિરસીંગભાઇ ભાભોર (PW-8, Exh.-33)ની જુબાની જોવામાં આવે તો તેમના ગ્રામપંચાયતમાં તા.૩૧/૦૩/૨૦૦૮ના રોજ કોઈ જન્મની નોંધ થયેલી નથી અને તા.૨૯/૦૩/૨૦૦૮ના રોજ જન્મેલ કોઈ બાળકના જન્મની નોંધ થયેલી નથી અને આ જન્મના પ્રમાણપત્રમાં રાઉન્ડ સીલ મારેલ નથી. આમ, આ સાહેદની જુબાની જોતાં નિ. ૬/૩થી રજુ થયેલ ભોગબનનારનું જન્મનું પ્રમાણપત્ર ખોટુ અને ઉપજાવી કાઢેલ હોવાનું જણાય છે. આમ, ભોગબનનારના જન્મનું ખોટુ પ્રમાણપત્ર રજુ કરવામાં આવેલ હોવાનું જણાય છે અને તેથી ભોગબનનારની જન્મ તારીખના પુરાવા તરીકે રજુ થયેલ શાળાનું રેકર્ડ પણ સાચુ હોવાનું માની લઈ શકાય નહીં. વધુમાં, ભોગબનનારના શાળા પ્રવેશની કાર્યવાહી કરનાર ભોગબનનારના કાકીને ફરીયાદ પક્ષે તપાસેલા નથી અને તેથી ભોગબનનારના શાળા પ્રવેશ વખતે ભોગબનનારની જન્મ તારીખ કયા આધારે લખવામાં આવેલી હતી તે પુરવાર થઈ શકતું નથી અને ભોગબનનારના પિતાની જુબાની મુજબ ભોગબનનારના શાળા પ્રવેશ સમયે ભોગબનનારની તારીખ લખાવવા માટે ભોગબનનારનો જન્મનો દાખલો લઈ ગયેલા પરંતું ઉપર ચર્ચા કરી તે મુજબ ભોગબનનારના જન્મની નોંધણી થયેલી નથી અને જે જન્મનો દાખલો ફરીયાદ પક્ષે ફરીયાદ સાથે રજુ કરેલ છે તે જન્મનો દાખલો ઉપજાવી કાઢેલો હોવાનું જણાય છે અને તેથી આવા જન્મના દાખલાના આધારે ભોગબનનારની જન્મની તારીખ લખવામાં આવેલી હોય તેના ઉપર આધાર રાખી શકાય નહીં. આમ, ભોગબનનારની જન્મની તારીખનો પુરાવો શંકાસ્પદ હોય તેના ઉપર આધાર રાખી શકાય નહી અને તેથી ફરીયાદ પક્ષ ભોગબનનારની જન્મ તારીખ શંકાથી પર પુરવાર કરી શકતો નથી.

**૨૦.** આમ, ફરીયાદ પક્ષ ભોગબનનારની જન્મ તારીખ પુરવાર કરી શકેલ ના હોય ફરીયાદ પક્ષ ભોગબનનારની ઉંમર પુરવાર કરી શકતો નથી અને તેથી બનાવ વખતે ભોગબનનાર સગીર વયની એટલે કે અઢાર વર્ષ કરતાં ઓછી ઉંમરની હોવાનું પુરવાર કરી શકતો નથી. જેથી, મુદ્દા નં. ૧નો જવાબ ''નકારમાં'' આપવામાં આવેલ છે.

**<u>મુદ્દા નં. ૨, ૩ અને ૪ :–</u>**

**૨૧.** મુદ્દા નં. ૨, ૩ અને ૪ એકબીજા સાથે સંકળાયેલા હોય ચર્ચાનું પુનરાવર્તન ટાળવા માટે આ ત્રણેય મુદ્દાની અત્રે સંયુકત ચર્ચા કરવામાં આવેલી છે.

**૨૨.** આરોપી સામે પોકસો એકટ મુજબ શિક્ષાપાત્ર ગુનાનું તહોમત ફરમાવવામાં આવેલ છે પરંતું ભોગબનનાર સગીર વયના હોવાનું ફરીયાદ પક્ષ પુરવાર કરી શકેલ ના હોય પોકસો એકટની જોગવાઇઓ લાગુ પડતી નથી અને તેથી પોકસો એકટની કલમ –૨૯ અને ૩૦ મુજબનું અનુમાન લાગુ પડતું નથી.

**૨૩.** ફરીયાદ પક્ષના સાહેદ, આરોપીના કપડા કબજે કર્યાના પંચનામાના તથા મોટર સાઈકલ કબજે કર્યાના પંચનામાના પંચ, રત્નાભાઇ ગલાભાઈ વણકર (PW-1, Exh-10) તથા ગુલાબભાઈ કાનાભાઈ પટેલીયા (PW-2, Exh-15) ની જુબાની જોતાં પોલીસે તેમની પંચનામામાં સહી લીધેલી હોવાનુ અને તેમની હાજરીમાં બીજી કોઈ કાર્યવાહી કરેલ ના હોવાનું જણાવે છે. આમ, આ પંચસાહેદો ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા નથી. આ સાહેદોની વિ. એ. પી. પી. દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત નીકળી આવેલ નથી. આ સાહેદોની જુબાનીથી આંક–૧૧ અને ૧૨ના પંચનામાની હકીકતો પુરવાર થઇ શકતી નથી.

**૨૪.** ફરીયાદ પક્ષના સાહેદ, ભોગબનનારના કપડા કબજે કર્યાના તથા ગુનાવાળી જગ્યાના પંચ, નિલેષભાઇ તખતસિંહ બારીઆ (PW-3, Exh-16) ની જુબાની મુજબ ભોગબનનારે એક આસમાની બ્લુ કલરનુ ટોપ, ભુરા કલરની લેંગી રજુ કરેલ જે પોલીસે કબજે લીધેલ. વધુમાં આ સાહેદની જુબાની મુજબ ભોગબનનાર, પોલીસ સ્ટાફના માણસો તથા તેઓ પંચો ભોગબનનારના બતાવ્યા મુજબ ગુનાવાળી જગ્યાએ ગયેલા અને ભોગબનનારે ખેતરમા આવેલ જગ્યા બતાવેલી તે જગ્યાનું પંચનામું કરેલું. આ સાહેદની આરોપી પક્ષે કરવામાં આવેલી ઉલટતપાસ જોવામાં આવે તો તે

જણાવે છે કે શહેરાથી ગુનાવાળી જગ્યાએ જતા આશરે ૪૫ મીનીટ જેટલો સમય લાગે. હવે આંક–૨૧નું પંચનામું જોવામાં આવે તો તેઓ શહેરા પોલીસ સ્ટેશનથી ૧૮:૦૫ વાગે નીકળેલ હોવાનું જણાય છે અને ૧૮:૧૫ વાગે પંચનામું પુરુ કરેલ હોવાનું જણાય છે. આમ, જો શહેરાથી ગુનાવાળી જગ્યાએ જતા ૪૫ મીનીટ જેટલો સમય લાગે તેમ હોવા છતાં શહેરાથી ગુનાવાળી જગ્યાએ જઈ પંચનામું દસ મીનીટમાં પુરુ કરેલ હોય તે માની શકાય તેમ નથી. જેથી, પંચનામાની કાર્યવાહી શંકાસ્પદ બને છે. વધુમાં, આંક – ૨૨નું પંચનામું જોવામાં આવે તો તેમાં ગુનાવાળી જગ્યાએથી કોઈ મહત્ત્વનો પુરાવો નીકળી આવેલો નથી અને તેથી આંક–૨૨નું ગુનાવાળી જગ્યાનું પંચનામું પુરાવામાં વંચાણે લેવામાં આવે તો પણ આરોપીને ગુનામાં સાંકળતો કોઈ પુરાવો નીકળી આવતો નથી. આ સાહેદની આરોપી પક્ષે કરવામાં આવેલી ઉલટતપાસ જોવામાં આવે તો બીજી કોઈ મહત્ત્વની વિરોધાભાષી હકીકત નીકળી આવતી નથી. આ સાહેદની જુબાનીમાં ભોગબનનારની લેંગીનો કલર ભુરો હોવાનું અને પંચનામામાં લેંગીનો કલર સ્યાહી કલરનો હોવાનું જણાવેલ છે પરંતું ભુરો અને સ્યાહી કલર એક જ દેખાવનો હોય તેમની જુબાનીમાં ભોગબનનારના કપડાનો કલર અલગ જણાવેલ હોવાનું કહી શકાય નહી. આમ, આ સાહેદની જુબાનીથી આંક–૧૮ ભોગબનનારના કપડા કબજે કર્યાના પંચનામાની હકીકતો પુરવાર થાય છે.

**૨૫.** ફરીયાદ પક્ષના સાહેદ, મેડીકલ ઓફીસર, ડો. ખુશ્બુ નારસીંગભાઈ ડામોર (PW-9, Exh-38)ની જુબાની મુજબ તા.૫/૧૦/૨૫ના રોજ ભોગબનનારને મેડીકલ તપાસણી માટે લાવેલા ત્યારે ભોગબનનારના શરીરેથી લોહી, નખ, લાળ, માથાના વાળ, ગુપ્તાંગના વાળ, બગલના વાળ, ઓરલ સ્વેબ તથા સ્લાઈડ, બ્રેસ્ટ સ્વેબ, વજાયનલ સ્વેબ તથા સ્લાઈડ, યુરેથલ સ્વેબ તથા સ્લાઈડ તથા વલ્વલ સ્વેબ તથા સ્લાઈડના નમુના લઈ સીલ કરી એફ.એસ.એલ. તપાસણી માટે પોલીસને  સુપરત કરેલ. વધુમાં તેમની જુબાની મુજબ તે જ દિવસે આરોપીને મેડીકલ તપાસણી માટે લાવેલા ત્યારે આરોપીના શરીરેથી લોહી, નખ, લાળ, માથાના વાળ, બગલના વાળ,

ગુપ્તાગના વાળ, ઓરલ સ્વેબ તથા સ્લાઇડ, પેનાઇલ સ્વેબ તથા સ્લાઇડના નમુના લઇ સીલ કરી એફ.એસ.એલ. તપાસણી માટે પોલીસને સુપરત કરેલ. આ સાહેદ જુબાની દરમ્યાન આંક–૪૧ તથા આંક–૪૫ થી એફ.એસ.એલ. ની યાદી રજુ કરેલ છે. આમ, આ સાહેદની જુબાની મુજબ તેમણે આરોપી તથા ભોગબનનારના શરીર ઉપરથી લીધેલ નમુના એફ.એસ.એલ. તપાસ માટે મોકલી આપેલા.

**૨૬.** ફરીયાદ પક્ષના સાહેદ, મેડીકલ ઓફીસર, ડો. દિગંત ડાહયાભાઇ પટેલ (PW-11, Exh-51)ની જુબાની મુજબ તા.૬/૧૦/૨૫ના રોજ આરોપીને સીમેન સેમ્પલ તથા અભિપ્રાય માટે સી.એચ.સી. શહેરાની ફેરબદલી ફોર્મ સાથે ત્યારે સર્જીકલ વોર્ડમાંથી આરોપીના શરીરથી વીર્યના નમુના લઇ તેમની તરફ મોકલતા તેઓએ નમુના સીલ કરી એફ.એસ.એલ. તપાસણી માટે પોલીસને સુપરત કરેલ. આ સાહેદની જુબાની દરમ્યાન આંક–પર થી ફેરબદલી ફોર્મ, આંક–પ૩ થી યાદી, આંક–પ૪ થી સર્જન ડોકટરે કરેલ તપાસના કાગળો, આંક–પપ થી આરોપીનો લેબ રીપોર્ટ, આંક–પ૬ થી આરોપીનો લેબ રીપોર્ટ રજુ કરેલ છે.

**૨૭.** ફરીયાદ પક્ષના સાહેદ, તપાસ કરનાર અમલદાર, અંકુર બાબુભાઇ ચૌધરી (PW-15, Exh-69)ની જુબાની મુજબ ભોગબનનાર અને આરોપીના શરીર ઉપરથી લેવામાં આવેલા નમુના તથા મુદામાલ તપાસણી અર્થે એફ. એસ. એલ. વડોદરાને મોકલી આપેલા. તેમની જુબાનીમાં આંક–૭૨ થી રવાનગી પત્રક તથા સત્તા અંગેનું પ્રમાણપત્ર, આંક–૭૩ થી મુદામાલ મળ્યા અંગેની પહોંચ, આંક–૭૫ થી એફ.એસ.એલ. વડોદરાનો પત્ર, આંક–૭૬ થી બાયોલોજી તથા સીરોલોજી અહેવાલ રજુ થયેલ છે. આમ, આ સાહેદની જુબાની મુજબ તેમને આરોપી અને ભોગબનનારના શરીર ઉપરથી લેવામાં આવેલ નમુના તથા મુદ્ધામાલ એફ.એસ.એલ. તપાસ માટે મોકલી આપેલ.

**૨૮.** આમ, આરોપી તથા ભોગબનનારના કબજે લીધેલ કપડા તથા તેના શરીર ઉપરથી લીધેલા નમુના એફ.એસ.એલ. તપાસ અર્થે મોકલેલા તેનો પરીક્ષણ અહેવાલ આંક–૭૬થી રજુ કરેલ છે. આ આંક–૭૬થી પરીક્ષણ

અહેવાલ જોતાં તેમાં આરોપી કે ભોગબનનારના કપડા ઉપરથી કોઈ ગુનાને લગતો પુરાવો મળી આવેલ નથી. આ પરીક્ષણ અહેવાલ જોતાં આરોપીને આ ગુનામાં સાંકળતો કોઈ પુરાવો મળી આવેલો નથી.

**૨૯.** ફરીયાદ પક્ષના સાહેદ, મેડીકલ ઓફીસર, ડો. વનરાજ મનહરસિંહ ચૌહાણ (PW-11, Exh-58)ની જુબાની મુજબ તા.૫/૧૦/૨૫ના રોજ ભોગબનનારને ગાયનેક તપાસ માટે સી.એચ.સી. શહેરાની રીફર નોટ તથા યાદી સાથે લાવેલા ત્યારે ભોગબનનારની ગાયનેક તપાસ ડો.આંકાક્ષ વૈદ્યનાઓએ કરેલી અને તેમને ગાયનેક તપાસના કાગળો તથા લેબ રીપોર્ટ મોકલી આપતા તેઓએ એમ.એલ.સી. તૈયાર કરેલ. આ સાહેદે જુબાની દરમ્યાન આંક–૫૯ થી પોલીસ યાદી, આંક–૬૦ થી રીફર નોટ, આંક–૬૧ થી ભોગબનનારની સંમતિ અંગેના કેસ પેપર, આંક–૬૨ થી લેબ રીપોર્ટ, આંક–૬૩ થી ભોગબનનારનુ એમ.એલ.સી. રજુ કરેલ છે. આ સાહેદની સમગ્ર જુબાની જોતાં તેમને ભોગબનનારને ગાયનેક વોર્ડમાં દાખલ કરેલ તે સિવાય ભોગબનનારની કોઈ મેડીકલ તપાસ કરેલ હોય તેમ જણાતું નથી અને તેથી તેમની જુબાનીમાં આરોપીને આ ગુનામાં સાંકળતો કોઈ પુરાવો નીકળી આવતો નથી.

**૩૦.** ફરીયાદ પક્ષના સાહેદ, મેડીકલ ઓફીસર, ડો. ખુશ્બુ નારસીંગભાઇ ડામોર (PW-9, Exh-38)ની જુબાની મુજબ તા.૫/૧૦/૨૫ ના રોજ ભોગબનનારને મેડીકલ તપાસ માટે લાવેલા ત્યારે તેમને ભોગબનનારની મેડીકલ તપાસ કરેલી અને ભોગબનનારનું યુ.પી.ટી. નેગેટીવ હતો અને ભોગબનનારની ગાયનેક તપાસ માટે સીવીલ હોસ્પીટલ ગોધરા મોકલી આપેલ. આમ, આ સાહેદની જુબાની જોવામાં આરોપીને આ ગુનામાં સીધી રીતે સાંકળી શકાય તેવો કોઈ સીધો પુરાવો રેકર્ડ ઉપર આવેલો નથી.

**૩૧.** ફરીયાદ પક્ષના સાહેદ, ગાયનેકોલોજીસ્ટ, ડો.આંકાક્ષા રાકેશભાઇ વૈદ્ય (PW-10, Exh-48) ની જુબાની મુજબ ભોગબનનારને ગાયનેક તપાસ માટે તેમની પાસે લાવેલા ત્યારે ભોગબનનારની તપાસ કરતાં તેના ગુપ્ત ભાગે કોઈ ઈજાના નિશાન ન હતાં તેમજ ભોગબનનારનું યોનીપટલ તુટેલું હતું.

તેમના અભિપ્રાય મુજબ ભોગબનનાર સાથે શારીરીક સંભોગ થયેલ હોવાનું જણાતું હતું પરંતું બળજબરીપૂર્વક શારીરીક સંભોગ થયેલાનું જણાતું ન હતું. આ સાહેદની આરોપી પક્ષે કરવામાં આવેલી ઉલટતપાસમાં તે કબુલ રાખે છે કે યોનીપટલ તુટવાના ઘણા કારણો હોય છે. આમ, આ સાહેદની જુબાની જોતાં યોનીપટલ તુટેલ હોવાથી એ અનુમાન થઈ શકે નહી કે ભોગબનનાર સાથે શારીરીક સંભોગ થયેલ હોવાથી યોનીપટલ તુટેલ છે અને તેથી યોનીપટલ તુટેલ હોવા માત્રથી એમ કહી શકાય નહીં કે ભોગબનનાર સાથે શારીરીક સંભોગ થયેલ છે. આમ, આ સાહેદની જુબાની જોતાં ભોગબનનાર સાથે શારીરીક સંભોગ થયાનો કોઈ સચોટ પુરાવો તેમની જુબાનીમાં નીકળી આવતો નથી.

**૩૨.** ફરીયાદ પક્ષના સાહેદ, મેડીકલ ઓફીસર, ડો. દિગંત ડાહ્યાભાઇ પટેલ (PW-11, Exh-51)ની જુબાની મુજબ આરોપીને સીમેન સેમ્પલ તથા અભિપ્રાય માટે સી.એચ.સી., શહેરાથી રીફર કરતાં તેમને આરોપીને સર્જીકલ વોર્ડમાં દાખલ કરેલા અને સર્જને આરોપીની તપાસ કરી કાગળો તેમની તરફ મોકલી આપેલ અને સર્જન ડોકટરના અભિપ્રાય મુજબ આરોપી શારીરીક સંભોગ કરવા માટે સક્ષમ હતા. પરંતું, આરોપી શારીરીક સંભોગ કરવા સક્ષમ હોવા માત્રથી કોઈ સીધા પુરાવા વિના આરોપીએ ભોગબનનાર સાથે શારીરીક સંભોગ કરેલ હશે તેવું અનુમાન થઈ શકે નહીં.

**33.** ફરીયાદ પક્ષે ભોગબનનારના પિતા (PW-5, Exh-26)ની જુબાની મુજબ બનાવ વખતે તેઓ બધા સુઈ ગયેલા હતા અને સવારે ઉઠ્યા ત્યારે ભોગબનનાર ખાટલામાં ન હતી અને ભોગબનનારની તપાસ કરેલી પરંતું ભોગબનનાર મળેલી નહી. વધુમાં, તેમની જુબાની મુજબ તેઓને શંકા જતા ગુલાબભાઈના ઘરે તપાસ કરાવતા સંદીપ તેઓના ઘરે ના હોય શંકા ગયેલી ત્યારબાદ પંચ રાહે નિકાલ કરવા પ્રયત્ન કરેલો અને ત્યારબાદ ત્રણ મહીના પછી ફરીયાદ આપેલી. વધુમાં તેમની જુબાની મુજબ ફરીયાદ આપ્યા પછી ત્રણ ચાર મહીના પછી પોલીસ ભોગબનનારને શોધી લાવેલી. તેમની જુબાનીમાં આંક-૨૭થી ફરીયાદ રજુ કરેલ છે. આ સાહેદની આરોપી પક્ષે

કરવામાં આવેલી ઉલટતપાસમાં તે કબુલ રાખે છે કે, ભોગબનનારના લગ્નની તેઓ ગોઠવણ કરતા હતાં અને તેની ભોગબનનારને જાણ હતી અને તે છોકરો ખુબ મોટી ઉંમરનો હતો અને તે ભોગબનનારને પસંદ ન હતો. વધુમાં તે કબુલ રાખે છે કે તેમને શકના આધારે ફરીયાદ આપેલી. આમ, આ સાહેદની જુબાની જોતાં ભોગબનનાર ગઈ ત્યારે તેઓ સુતા હોવાનું જણાય છે અને તેથી ભોગબનનારને જતા તેમને જોયેલ હોય તેમ જણાતું નથી. આમ, ભોગબનનારને જતાં તેમને જોયેલ ના હોય ભોગબનનાર કેવી રીતે અને કોની સાથે ગઈ તે હકીકત પુરવાર કરવા માટે તેમની જુબાની ઉપર આધાર રાખી શકાય તેમ નથી.

**૩૪.** ભોગબનનારની માતા (PW-6, Exh-28) ની જુબાની મુજબ બનાવ વખતે તે અને તેમના પતિ તથા તેમના બાળકો સુઈ ગયેલા હતા અને બીજા દિવસે સવારે જાગેલા ત્યારે ભોગબનનાર ખાટલામાં ન હતી જેથી તેમના જેઠને બોલાવેલા. વધુમાં તેમન જુબાની મુજબ સંજય ઉપર શંકા હોય તેના ઘરે તપાસ કરવા સરપંચને કહેલું પરંતું તે તેના ઘરે જોવા મળેલ નહી અને સંજયના ઘરનાને ભોગબનનાર બાબતે પુછતાં કંઈ જણાવેલ નહીં. ત્યારબાદ ફરીયાદ આપેલી. વધુમાં તેમની જુબાની મુજબ ફરીયાદ આપ્યાના છ મહીના પછી પોલીસ ભોગબનનારને શોધી લાવેલી. આ સાહેદની આ જુબાની જોતાં ભોગબનનાર ગઈ તે વખતે તે સુઈ ગયેલા હતા અને તેથી ભોગબનનારને જતા તેમને જોયેલ હોય તેમ જણાતું નથી. આમ, ભોગબનનારને જતાં તેમને જોયેલ ના હોય ભોગબનનાર કેવી રીતે અને કોની સાથે ગઈ તે હકીકત પુરવાર કરવા માટે તેમની જુબાની ઉપર આધાર રાખી શકાય તેમ નથી.

**૩૫.** ભોગબનનાર (PW-4, Exh-24) ની જુબાની મુજબ સંજય તેમના ઘરની પાસે આવતો હોય તેને ઓળખતી થયેલી ત્યારબાદ સંજયે તેને મોબાઈલ નંબર આપેલો જેથી તે તેણીના કાકીના મોબાઈલ ઉપરથી સંજયને ફોન કરી વાતો કરતી અને ત્યારબાદ તેઓ જંગલમાં મળતા હતા અને વાતો કરતા હતા, તે સિવાય બીજુ કંઈ કરતા ન હતા અને ઘરે જતા રહેતા હતાં. વધુમાં, તેણીની જુબાની મુજબ તેણીના કાકી તેણીના બીજે લગ્ન કરાવતાં હોય તેથી

તેણીએ સંજયને ભાગી જવાનું કહેલું અને તા.૧૦/૦૭/૨૦૨૫ના રોજ તેણીએ સંજયને ફોન કરી બોલાવેલ હતો અને સંજય આવેલો અને તેઓ બંને બાઈક ઉપર શહેરા ગયેલા અને ત્યાંથી બસમાં બેસી ગોધરા થઈ મોરબી ગયેલા અને ત્યાં લજાઈ ગામે કારખાનામાં રૂમો હતી ત્યાં રહેતા હતાં અને કામ કરતાં હતાં. વધુમાં તેણીની જુબાની મુજબ તેઓ પતિ–પત્નીની જેમ રહેતા હતાં અને ચાર મહીના પછી પોલીસ ત્યાં આવેલી અને તેઓને પકડી શહેરા પોલીસ સ્ટેશન લાવેલા. તેમની જુબાનીમાં આંક–૨૫થી વિ. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ રૂબરૂ બી. એન. એસ. એસ.ની કલમ–૧૮૩ અન્વયે લખાવેલ નિવેદન રજુ કરેલ છે. ભોગબનનારની આરોપી તરફે કરવામાં આવેલી ઉલટતપાસમાં તે જણાવે છે કે, તેઓ ભાગી ગયા તેના બે ત્રણ મહીના પહેલા તેણીના માતા–પિતા તેણીના બીજે લગ્ન કરાવવા માંગતા હતાં અને તેની તેણીને જાણ થતાં તેણીએ મનોમન નક્કી કરેલ કે તેણીને બીજે લગ્ન કરવા નથી અને માતા–પિતાને જાણ કર્યા વિના અજ્ઞાત સ્થળે જતા રહેવું. આમ, ભોગબનનારની સમગ્ર જુબાની જોવામાં આવે તો જણાઈ આવે છે કે, ભોગબનનારના માતા–પિતા તેણીના બીજે લગ્ન કરાવવા માંગતા હતાં અને તેણીને બીજે લગ્ન કરવા ના હોય તેણીએ સંજયને ભાગી જવા કહેલું અને બનાવના દિવસે તેણીએ સંજયને ફોન કરી બોલાવેલ હતો અને તેઓ ત્યાંથી નીકળી મોરબી, લજાઈ ગામે ગયેલા અને કારખાનામાં કામ કરતાં હતાં અને ત્યાં રહેતા હતાં. વધુમાં તેણીની જુબાની જોતાં તેઓ પતિ–પત્ની તરીકે રહેતા હોવાનું જણાવે છે પરંતુ આરોપીએ તેણીની સાથે શરીરસંભોગ કરેલ હોય તેવી કોઈ સ્પષ્ટ હકીકત જણાવેલી નથી.

**૩૬.** ભોગબનનારે વિ. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ રૂબરૂ બી. એન. એસ. એસ.ની કલમ–૧૮૩ અન્વયે લખાવેલ નિવેદન આંક–૨૫ થી રજુ થયેલ છે. આ નિવેદન જોવામાં આવે તો તેમાં ભોગબનનારના લખાવ્યા મુજબ તે સંજયને ફેસબુકથી ઓળખતી હતી અને તેઓ ફેસબુક ઉપર વાતો કરતા હતાં અને તેણીની સંજયને વીડીઓ કોલ કરતી હતી અને તે જંગલમાં સંજયને રૂબરૂ મળવા જતી હતી અને વાતો કરતા હતાં, તેણીના કાકી તેણીના બીજે લગ્ન કરાવતાં તેણીએ સંજયને ભાગી જવાનું કહેલું અને તેઓ ભાગીને ગોધરા,

અમદાવાદ થઈ મોરબી ગયેલા અને ત્યાં કંપનીમાં રોકાયેલા અને ત્યાં ત્રણ–ચાર મહીના રોકાયેલા અને તેણીની સાથે પત્ની તરીકે રહેતી અને તેણીની મરજીથી શારીરીક સંબંધ બાંધેલા અને ત્યારબાદ પોલીસ ત્યાં આવેલી અને તેઓને લઈ ગયેલી. આમ, ભોગબનનારે વિ. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ રૂબરૂના નિવેદનમાં પણ તેણીના બીજે લગ્ન કરાવતા હોય તેણીના કહેવાથી તે અને સંજય ભાગી ગયેલા અને તેણીની મરજીથી શારીરીક સંબંધ બાંધેલા.

**૩૭.** ફરીયાદ પક્ષના સાહેદ, મેડીકલ ઓફીસર, ડો. ખુશ્બુ નારસીંગભાઈ ડામોર (PW-9, Exh-38)ની જુબાની મુજબ ભોગબનનારને મેડીકલ તપાસણી માટે તેની સમક્ષ લાવેલા તે વખતે ભોગબનનારે હીસ્ટ્રીમાં જણાવેલ કે, ''છેલ્લા બે ત્રણ વર્ષથી આરોપીને ઓળખુ છું. આરોપી મારા ઘરે ભાઇનો દોસ્ત હોવાથી આવ જા કરતો હતો પછી ફેસબુકમાં ઓળખાણ થઇ વાતચીત ચાલુ થઇ અને ફોન નંબરની આપ લે થઇ. પછી પ્રેમ સબંધ બંધાયો અને અવાર નવાર જંગલમાં મુલાકાત કરતા અને શારિરીક સબંધ બાંધતા હતા. મારી સગાઇની વાત બીજે કરતા મેં આરોપીને ફોન કરીને ભાગી જવા કીધુ. તા.૧૦/૦૭/૨૦૨૫ના રોજ આરોપી મને બાઇક ઉપર લઇને જુના મીરાપુરાથી ગોધરા લઇ ગયેલ ત્યાં બાઇક મુકીને બસમાં બેસીને ગોધરાથી અમદાવાદ ગયા ત્યાંથી ઇકકો ગાડીમાં બેસીને મોરબી ગયા. ત્યાં કારખાનામાં કામ કરીને ગુજરાન ચલાવતા હતા. મેં ઇન્સ્ટાગ્રામ માં લોગ ઇન કરીને મારી બહેન સાથે વાતચીત કરી. પોલીસે આઇ.ડી ટ્રેસ કરી તા.૦૪/૧૦/૨૦૨૫ ના રોજ બપોરના ૧૨/૦૦ ની આસપાસ પકડયા અને રાત્રે આઠ વાગે શહેરા પોલીસ સ્ટેશન હાજર કરેલા. મોરબી આશરે ત્રણ ચાર મહીના રોકાયા હતા. તે દરમ્યાન અવાર નવાર શારિરીક સબંધ બાંધતા હતા. છેલ્લો શારિરીક સબંધ તા.૨૮/૦૯/૨૦૨૫ ના રાત્રીના દસ કલાકે બાંધેલ હતો.'' આ સાહેદની જુબાની દરમ્યાન આંક–૪૩ થી પોલીસ યાદી, આંક–૪૪ થી ભોગબનનારનુ સંમતિપત્ર, આંક–૪૬ થી ભોગબનનારનુ મેડીકલ સર્ટીફીકેટ રજુ કરેલ છે. આમ, આ સાહેદની જુબાની જોતાં ભોગબનનારે તેણીના રૂબરૂની હીસ્ટ્રીમાં તેણીની અને આરોપી વચ્ચે પ્રેમસંબંધ હોવાનું અને તેઓ જંગલમાં મળતા હોવાનું અને શારીરીક સબંધ બાંધતા હોવાનું જણાવેલ છે તેમજ

ભોગબનનારની બીજે સગાઈની વાત કરતાં તેણીએ સંજયને ભાગી જવાનું કહેલું અને તેઓ ભાગીને મોરબી ગયેલા અને ત્યાં કારખાનામાં ત્રણ ચાર મહીના રોકાયેલા અને તે દરમિયાન અવાર નવાર શારીરીક સંબંધ બાંધેલો.

**૩૮.** ફરીયાદ પક્ષના સાહેદ, ગાયનેકોલોજીસ્ટ, ડો. આંકાક્ષા રાકેશભાઇ વૈદ્ય (PW-10, Exh-48) ની જુબાની મુજબ ભોગબનનારને ગાયનેક તપાસ માટે તેની સમક્ષ લાવેલા તે વખતે ભોગબનનારે હીસ્ટ્રીમાં જણાવેલ કે, ''હું આરોપી સંજય ખાંટે ત્રણ વર્ષથી ઓળખુ છું અને છેલ્લા ત્રણ વર્ષથી અમારી વચ્ચે પ્રેમ સબંધ છે. હું મારી મરજીથી સંજય સાથે બે વર્ષથી શારિરીક સબંધ બનાવું છું. અમે તા.૧૦/૦૭/૨૦૨૫ ના રોજ ઘરેથી ભાગીને ગોધરા આવ્યા હતા અને ત્યાંથી અમદાવાદ ગયા પછી મોરબી ગયા અને ત્યાં રહયા ત્યાં અવાર નવાર મારી મરજીથી કોન્ડમનો વાપર કર્યા વગર શારિરીક સબંધ બાંધેલ હતો. અમે પરમ દિવસે પકડાયા અને ત્યાંથી શહેરા હોસ્પીટલ અને ત્યાંથી ગોધરા સીવીલ હોસ્પીટલ તપાસ માટે લઇ આવ્યા.'' આ સાહેદે જુબાની દરમ્યાન આંક-૪૯ થી ભોગબનનારનો ગાયનેક રીપોર્ટ રજુ કરેલ છે. આમ, આ સાહેદની જુબાની જોતાં ભોગબનનારે તેમના રૂબરૂ લખાવેલી હીસ્ટ્રીમાં ભોગબનનાર અને આરોપી વચ્ચે પ્રેમસંબંધ હોવાનું અને તેઓ શારીરીક સંબંધ બાંધતા હોવાનું જણાવેલ છે તેમજ તેઓ ઘરેથી ભાગીને મોરબી ગયેલ હોવાનું અને ત્યાં તેઓ શારીરીક સંબંધ બનાવેલ હોવાનું જણાવેલ છે.

**૩૯.૧** આમ, ભોગબનનાર (PW-4, Exh-24) ની જુબાની તથા તેણીનું આંક-૨૫નું નિવેદન તથા તેણીએ ડો. ખુશ્બુ નારસીંગભાઇ ડામોર (PW-9, Exh-38) અને ડો. આંકાક્ષા રાકેશભાઇ વૈદ્ય (PW-10, Exh-48) ની રૂબરૂ લખાવેલ હીસ્ટ્રી જોતાં આરોપી અને ભોગબનનાર વચ્ચે પ્રેમસંબંધ હોવાનું જણાઈ આવે છે અને ભોગબનનારના કાકી અને માતા-પિતા તેણીના બીજે લગ્ન કરાવતાં હોય અને તેણીને બીજે લગ્ન કરવા ના હોય તેણીએ આરોપીને ભાગી જવા જણાવેલું અને તા.૧૦/૦૭/૨૦૨૫ના રોજ તેણીએ આરોપીને ફોન કરી બોલાવેલ હોવાનું અને તેઓ ભાગીને મોરબી ગયેલા હોવાનું જણાય છે.

**૩૯.૨** આમ, ભોગબનનારની જુબાની તથા આંક–૨૫નું નિવેદન તથા ડોકટર સમક્ષની હીસ્ટ્રી જોતાં ભોગબનનાર પોતાની મરજીથી આરોપી સાથે ગયેલી હોવાનું જણાઈ આવે છે. ફરીયાદ પક્ષ ભોગબનનાર સગીર વયની હોવાનું પુરવાર કરી શકેલ નથી અને તેથી ભોગબનનાર પોતાની મરજીથી આરોપી સાથે ગયેલી હોય આરોપીએ ભોગબનનારનું અપહરણ કરેલાનુ પુરવાર થઈ શકતું નથી તેમજ ફરીયાદ પક્ષનો પુરાવો જોતાં ભોગબનનારને લઈ જવા આરોપીએ લલચાવેલ હોય કે આરોપીએ ભોગબનનારને તેની સાથે આવવા કહેલ હોય તેવો કોઈ પુરાવો નીકળી આવેલ નથી અને તેથી ભોગબનનારનું શારીરીક શોષણ કરવાના ઈરાદે ભોગબનનારને લલચાવી, પટાવીને લઈ ગયેલ હોવાનું પુરવાર થઈ શકતું નથી.

**૩૯.૩** દલીલ ખાતર એમ માની લેવામાં આવે કે ભોગબનનાર ફરીયાદ પક્ષના કેસ મુજબ તેની ઉંમર ૧૭ વર્ષ ૩ માસની હતી અને સગીર વયની હતી. તેમ છતાં, આ કેસમાં રજુ થયેલ પુરાવો જોતાં આરોપીએ ભોગબનનારનું અપહરણ કરેલ હોવાનું પુરવાર થઈ શકતું નથી. હાલના કેસમાં રજુ થયેલ પુરાવો જોતાં ભોગબનનારના માતા–પિતા તેણીના કોઈ મોટી ઉંમરના છોકરા સાથે લગ્ન કરાવતા હોય ભોગબનનારને તે પસંદ ના હોય ભોગબનનારે જ ફોન કરીને આરોપીને બોલાવેલ હોવાનું અને તેઓ મોરબી ગયેલા હોવાનું જણાય છે. ભોગબનનાર ૧૭ વર્ષ ૩ માસની હોવાનુ માની લેવામાં આવે તો ભોગબનનાર સગીર વયની થવાની આરે હતી અને તેના મોટી ઉંમરના છોકરા સાથે લગ્ન કરવા ના હોય તેણીએ આરોપીને વાત કરેલ હોવાની હકીકત ધ્યાને લેતાં ભોગબનનાર પોતાનું સારૂ–નરસુ સમજી શકે તેવી હોવાનું જણાય છે. આ સંજોગોમાં આ તબકકે નામદાર સર્વોચ્ચ અદાલતનો AIR 1965 SC 942 ઉપર પ્રસિદ્ધ થયેલ *"S.Varadarajan Versus State of Madras"* નો ચુકાદો ધ્યાને લેવો ઉચિત જણાય છે.

**૩૯.૪** નામદાર સર્વોચ્ચ અદાલતે *S. Varadarajan Versus State of Madras (supra)* ના ચુકાદામાં નોંધેલ છે કે,

7. The question whether a minor can abandon the guardianship of his or her own guardian and it so the further question whether Savitri could, in acting as she did, be said to have abandoned her father's guardianship may perhaps not be very easy to answer. Fortunately, however, it is not necessary for us to answer either of them upon the view which we take on the other question raised before us and that is that "taking" of Savitri out of the keeping of her father has not been established. 'The offence of "kidnapping from lawful guardianship" is defined this in the first paragraph of sec. 361 of the Indian Penal Code:

"Whoever takes or entices any minor under sixteen years of age if a male, or under eighteen years of age if a female, or any person of unsound mind, out of the keeping of the lawful guardian of such minor or person of unsound mind, without the consent of such guardian is said to kidnap such minor or person from lawful guardianship."

It will thus be seen that taking or enticing away a minor out of the keeping of a lawful guardian is an essential ingredient of the offence of kidnapping. Here, we are not concerned with enticement but what we have to find out is whether the part played by the appellant amounts to "taking" out of the keeping of the lawful guardian of Savitri. We have no doubt that though Savitri had been left by S. Natarajan at the house of his relative K. Natarajan she still continued to be in the lawful keeping of the former but then the question remains as to what is it which the appellant did that constitutes in law "taking". There is not a word in the deposition of Savitri from which an inference could be drawn that she left the house of K. Natarajan at the instance or even a suggestion of the appellant. In fact she candidly admits that on the morning of October 1st, she herself telephoned to the appellant to meet her in his car at a certain place, went up to that place and finding him waiting in the car got into that car of her own accord. No doubt, she says that she did not tell the appellant where to go and that it was the appellant himself who drove the car to Guindy and then to Mylapore and other places. Further, Savitri has stated that she had decided to marry the appellant. There is no suggestion that the appellant took her to the Sub-Registrar's office and got the agreement of marriage registered there (thinking that this was sufficient in law to make them man and wife) by force or blandishments or anything like that. On the other hand the evidence of the girl leaves no doubt that the insistence of marriage came from her side. The appellant, by complying with her wishes can by no stretch of imagination be said to have taken her out of the keeping of her lawful guardian. After the registration of the agreement both the appellant and Savitri lived as man and wife and visited different places. There is no suggestion in Savitri's evidence, who, it may be mentioned had attained the age of discretion and was on the verge of attaining majority that she was made by the appellant to accompany him by administering any threat to her or by any blandishments. The fact of her accompany

him the appellant all along is quite consistent with Savitri's own desire to be the wife of the appellant in which the desire of accompanying him wherever he went was of course implicit. In these circumstances we find nothing from which an inference could be drawn that the appellant had been guilty of taking away Savitri out of the keeping of her father. She willingly accompanied him and the law did not cast upon him the duty of taking her back to her father's house or even of telling her not to accompany him. She was not a child of tender years who was unable to think for herself but, as already stated, was on the verge of attaining majority and was capable of knowing what was good and what was bad for her. ...........

9. It must, however, be borne in mind that there is a distinction between "taking" and allowing a minor to accompany a person. The two expressions are not synonymous though we would like to guard ourselves from laying down that in no conceivable circumstances can the two be regarded as meaning the same thing for the purposes of sec. 361 of the Indian Penal Code. We would limit ourselves to a case like the present where the minor alleged to have been taken by the accused person left her father's protection knowing and having capacity to know the full import of what she was doing voluntarily joins the accused person. In such a case we do not think that the accused can be said to have taken her away from the keeping her lawful guardian. Something more has to be shown in a case of this kind and that is some kind of inducement held out by the accused person or an active participation by him in the formation of the intention of the minor to leave the house of the guardian.

10. It would, however, be sufficient if the prosecution establishes that though immediately prior to the minor leaving the father's protection no active part was played by the accused, he had at some earlier stage solicited or persuaded the minor to do so. In our opinion, if evidence to establish one of those things is lacking it would not be legitimate to infer that the accused is guilty of taking the mirror out of the keeping of the lawful guardian merely because after she has actually left her guardian's house or a house where her guardian had kept her, joined the accused and the accused helped her in her design not to return to her guardian's house by taking her along with him from place to place. No doubt, the part played by the accused could be regarded as facilitating the fulfillment of the intention of the girl. That part, in our opinion, falls short of an inducement to the manor to slip out of the keeping of her lawful guardian and is, therefore, not tantamount to "taking".

આમ, નામદાર સર્વોચ્ચ અદાલતે તેમના આ ચુકાદામાં ઠરાવેલ છે કે, ભોગબનનાર જાતે આરોપી સાથે ગયેલી હોય અને આરોપીએ તેની સાથે આવવા ભોગબનનારને લલચાવી ના હોય કે કાંઈ જણાવેલ ના હોય ત્યારે,

આરોપીએ ભોગબનનારને સવલત આપેલી હોય તેટલા માત્રથી આરોપી ભોગબનનારને લઈ ગયેલ છે તેમ કહી આરોપીએ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૧ મુજબનો ગુનો બનેલ છે તેમ કહી શકાય નહીં.

**૩૯.૫** આમ, ભોગબનનારના કોઈ મોટી ઉંમરના છોકરા સાથે લગ્ન કરાવતા હોય અને ભોગબનનારને તે પસંદ ના હોય ભોગબનનારે જાતે આરોપીને બોલાવેલ હોય અને તેની સાથે જતી રહેલો હોય ત્યારે આરોપીએ સવલત આપી હોય અને ભોગબનનાર પુખ્ત થવાની આરે હોય અને ભોગબનનાર પોતાનું સારૂ–નરસુ સમજી શકે તેવી હોય ત્યારે નામદાર સર્વોચ્ચ અદાલતે તેમના ઉપરોકત ચુકાદામાં ઠરાવ્યા મુજબ આરોપીએ ભોગબનનારનું અપહરણ કરેલ હોવાનું કહી શકાય નહીં.

**૩૯.૬** આમ, આરોપીએ ભોગબનનારનું અપહરણ કરેલાનું પુરવાર થઈ શકતું નથી કે આરોપીએ ભોગબનનારને લાલચ આપી કે ફોસલાવીને લઈ ગયેલ હોવાનું પુરવાર થઈ શકતું નથી.

**૪૦.૧** ભોગબનનારની જુબાની જોતાં ભોગબનનાર તેની જુબાનીમાં આરોપીએ તેણીની સાથે શરીરસંભોગ કરેલ હોવાની કોઈ હકીકત જણાવેલી નથી અને માત્ર એવું જણાવેલ છે કે, તેઓ મોરબી, લજાઈ ખાતે રહેતા હતા ત્યારે તેણીની અને આરોપી પતિ–પત્નીની જેમ રહેતા હતાં પરંતું ભોગબનનાર અને આરોપી પતિ–પત્નીની જેમ રહેતા હોવાની હકીકત માત્રથી તેઓ વચ્ચે શારીરીક સંબંધ બંધાયેલ હોવાનું અનુમાન થઈ શકે નહીં. જેથી, ભોગબનનારની જુબાનીથી એ પુરવાર થઈ શકતું નથી કે આરોપીએ તેણીની સાથે શરીરસંબંધ બાંધેલા. વધુમાં, ભોગબનનારની જુબાની જોવામાં આવે તો તેઓ જંગલમાં મળતા હતા ત્યારે તેઓ માત્ર વાતો કરીને જતા રહેતા હોવાનું જણાવેલ છે અને બીજુ કાંઈ કરતા ના હોવાનું જણાવેલ છે. જેથી, ભોગબનનારની જુબાનીથી એ પુરવાર થઈ શકતું નથી કે તેમના ગામના જંગલમાં આરોપી ભોગબનનાર સાથે શરીરસંબંધ બાંધતો હતો.

**૪૦.૨** ભોગબનનારનું આંક–૨૫નું નિવેદન તથા ડો. ખુશ્બુ નારસીંગભાઇ ડામોર (PW-9, Exh-38) અને ડો. આંકાક્ષા રાકેશભાઇ વૈદ્ય (PW-10, Exh-48) ની રૂબરૂ લખાવેલ હીસ્ટ્રી જોતાં આરોપીએ તેણીની મરજીથી તેણીની સાથે શરીરસંબંધ બાંધેલાનું જણાવેલ છે પરંતું આ પુરાવો સમર્થનકારક પુરાવો છે અને સીધા પુરાવાના અભાવે તેનો ઉપયોગ થઈ શકતો નથી. આમ, જયારે ભોગબનનાર પોતાની જુબાનીમાં આરોપીએ તેણીની સાથે શરીરસંબંધ બાંધેલા હોય તેવી કોઈ હકીકત જણાવેલી ના હોય ત્યારે આંક–૨૫ના નિવેદન તથા ડોકટર સમક્ષની હીસ્ટ્રીના આધારે આરોપીએ ભોગબનનાર સાથે શરીરસંબંધ બાંધેલાનું પુરવાર થઈ શકતું નથી.

**૪૦.૩** આમ, ફરીયાદ પક્ષનો પુરાવો જોતાં આરોપીએ ભોગબનનાર સાથે શરીરસંભોગ કરેલ હોવાનું પુરવાર થઈ શકતું નથી.

**૪૧.** ફરીયાદ પક્ષના સાહેદ, મેડીકલ ઓફીસર, ડો. ખુશ્બુ નારસીંગભાઇ ડામોર (PW-9, Exh-38)ની જુબાની મુજબ તા.૫/૧૦/૨૫ ના રોજ સાંજના ૪–૪૪ કલાકે આરોપી સંજયકુમાર ગલાબભાઇ ઉર્ફે ગુલાબભાઇ ખાંટને પોલીસ યાદી સાથે મેડીકલ તપાસણી માટે લાવેલા ત્યારે આરોપીએ ઘટના સબંધીત ઈતિહાસ લખાવેલો. આ સાહેદની જુબાનીમાં આંક–૩૯ થી યાદી, આંક–૪૦ થી આરોપીનુ સંમતિપત્ર, આંક–૪૨ થી આરોપીનુ એમ.એલ.સી. રજુ થયેલ છે. આ સાહેદની જુબાની તથા આંક–૩૯ ની યાદી જોતાં આરોપીને પોલીસ લઈને આવેલી હતી એટલે કે જયારે આરોપીને ડોકટર સમક્ષ લાવવામાં આવેલ ત્યારે તે પોલીસ કસ્ટડીમાં હતો. વધુમાં, આરોપીએ લખાવેલી હીસ્ટ્રી જોવામાં આવે તો તે કબુલાત સ્વરૂપની હીસ્ટ્રી છે. ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ –૨૩(૨) જોવામાં આવે તો પોલીસ કસ્ટડી દરમ્યાન આરોપીએ કોઈપણ વ્યકિત સમક્ષ કરેલી કબુલાત પુરાવામાં ગ્રાહય બનતી નથી. આમ, આરોપીએ પોલીસ કસ્ટડી દરમિયાન ડોકટર સમક્ષ કબુલાત સ્વરૂપની લખાવેલી હીસ્ટ્રી પુરાવામાં ગ્રાહય બનતી નથી. જેથી આ હીસ્ટ્રીની હકીકતોને પુરાવામાં વંચાણે લેવામાં આવેલ નથી.

**૪૨.** ફરીયાદ પક્ષના સાહેદ, તપાસ કરનાર અમલદાર, સતિષકુમાર લીમજીભાઇ કામોળ (PW-13, Exh-64)ની જુબાની મુજબ શહેરા પો.સ્ટે.નો ચાર્જ તેમની પાસે હતો તે દરમ્યાન ફરીયાદીએ તેમના રૂબરૂ આવી ફરીયાદ આપતા ફરીયાદીના લખાવ્યા મુજબની ફરીયાદ લખી લીધેલ અને ગુનો રજીસ્ટર કરવા પી.એસ.ઓ. તરફ મોકલેલ અને પી.એસ.ઓ.એ. ગુનો નોંધી આગળની તપાસ તેઓએ સંભાળેલ અને ભોગબનનારના કાકા, કાકીનુ નિવેદન નોંધેલ અને પી.આઇ.શ્રી એ.બી.ચૌધરી હાજર થતા આગળની તપાસ તેઓને સુપ્રત કરેલ અને તા. ૫/૧૦/૨૫ ના રોજ એ.બી.ચૌધરી રજા પર હતા ત્યારે ફરી થી તેમની પાસે ચાર્જ હોય ગુનાની તપાસ સંભાળેલ અને તપાસના કામે આરોપી તથા ભોગબનનારને પેરોલ ફર્લો સ્કવોડના પોલીસ કર્મચારી શોધીને લાવી શહેરા પો.સ્ટે. રજુ કરતા આરોપી તથા ભોગબનનારનો હવાલો સંભાળેલ અને તેઓના જવાબ નોંધેલ અને આરોપીની અટક કરેલ, આરોપી તથા ભોગબનનારની મેડીકલ તપાસણી કરવા યાદી કરેલ, સરકારી પંચો ફાળવવા યાદી કરેલ, ભોગબનનારની ગાયનેક તપાસ માટે સીવીલ હોસ્પિટલ ગોધરા યાદી સાથે મોકલેલ, આરોપીને રીમાન્ડ મેળવેલ અને આરોપીનો વીર્યનો નમુનો લેવડાવવા માટે સીવીલ હોસ્પિટલ ગોધરા ખાતે મોકલી આપેલ, ભારે ગુનાનો રીપોર્ટ કરેલ અને પી.આઇ. શ્રી એ.બી.ચૌધરીનાઓ હાજર થતા આગળની તપાસ તેઓને સુપ્રત કરેલ. આમ, આ સાહેદ તપાસ કરનાર અમલદાર છે અને તે બનાવની હકીકતો ઉપર પ્રકાશ પાડી શકે તેમ ના હોય તેમની જુબાનીની વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલી નથી.

**૪૩.** ફરીયાદ પક્ષના સાહેદ, પોલીસ સ્ટેશન ઓફીસર, ગણપતભાઇ બુધાભાઈ બારીઆ (PW-14, Exh-67) ની જુબાની મુજબ એસ.એલ.કામોળ, પી.આઇ. રૂબરૂની ફરીયાદ તેમની તરફ ગુનો રજીસ્ટર થવા આવતા આરોપી વિરૂધ્ધ શહેરા પોલીસ સ્ટેશનના ગુ.ર.નં.૬૬૨/૨૫, બી.એન.એસ.ની કલમ ૧૩૭(૨), ૮૭ તથા પોકસો એકટની કલમ ૧૨ મુજબનો ગુનો નોંધી લઇ સુચિપત્ર તૈયાર કરી આગળની તપાસ એસ.એલ.કામોળ, પી.આઇ. તરફ મોકલી આપેલ. સદર સાહેદની જુબાનીથી આંક–૬૮ થી સુચિપત્ર રજુ

કરવામાં આવેલ છે. આમ, આ સાહેદની જુબાની જોતાં તેમને માત્ર ગુનો નોંધી સુચિપત્ર તૈયાર કરેલ છે અને તેથી તેમના પુરાવાની કોઇ વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલી નથી.

**૪૪.** ફરીયાદ પક્ષના સાહેદ, તપાસ કરનાર અમલદાર, અંકુર બાબુભાઇ ચૌધરી (PW-15, Exh-69)ની જુબાની મુજબ તેમણે આરોપીની કસ્ટડી મેળવી અને ભોગબનનાર તથા તેમના માતા પિતાના વિશેષ નિવેદન નોંધેલ, પંચોને હાજર રહેવા સમજ યાદી કરેલ, આરોપી તથા ભોગબનનારે બનાવ સમયે પહેરેલ કપડા પંચોની હાજરીમાં કબજે કરેલ, મોટરસાયકલ આરોપીએ રજુ કરતા પંચોની હાજરીમાં કબજે કરેલ, ભોગબનનારે બતાવેલ ગુનાવાળી જગ્યાનું પંચનામું પંચોની હાજરીમાં કરેલ, ભોગબનનારનું બી. એન. એસ. એસ.ની કલમ ૧૮૩ મુજબનુ નિવેદન લેવડાવેલ, મુદ્દામાલ એફ.એસ.એલ. પરીક્ષણ માટે મોકલી આપેલ, આચાર્યશ્રી તથા ત.ક.મંત્રી શ્રીને ભોગબનનારના જન્મ અંગેના પુરાવા આપવા યાદી કરેલ, તપાસના કાગળો વંચાણે લઇ આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતા ચાર્જશીટ દાખલ કરેલ. આમ, આ સાહેદ તપાસ કરનાર અમલદાર છે અને તે બનાવના નજરે જોનાર સાહેદ ના હોય તે બનાવની હકીકતો ઉપર પ્રકાશ પાડી શકે તેમ ના હોય તેમની જુબાનીની વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલી નથી.

**૪૫.** ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો જોવામાં આવે તો આરોપીએ ભોગબનનારને ફોન કરેલ હોય તેવો કોઈ પુરાવો નીકળી આવતો નથી પરંતું ભોગબનનાર આરોપીને ફોન કરતી હોવાની હકીકત તેના આંક–૨૫ના નિવેદનમાં લખાવેલ છે. વધુમાં, આરોપીએ ભોગબનનાર સાથે જાતીય ઈરાદાઓથી ફોન ઉપર વાતો કરેલી હોય તેવો કોઈ પુરાવો નીકળી આવેલો નથી. જેથી, આરોપીએ ભોગબનનાર સાથે જાતીય ઈરાદાઓથી ફોન ઉપર વાતો કરેલ હોવાનું પુરવાર થઈ શકતું નથી. વધુમાં, ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો જોવામાં આવે તો આરોપીએ જાતીય ઈરાદા સાથે ભોગબનનાર સાંભળે તે રીતે ઉચ્ચારણ કરેલ હોય કે અવાજ કાઢેલ હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલો નથી કે આરોપીએ જાતીય ઈરાદાથી ભોગબનનારને તેના

શરીરનું અંગ કે કોઈ વસ્તુ બતાવેલ હોય તેવો પણ કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી કે આરોપીએ ભોગબનનારના શરીરનો કોઈ ભાગ પ્રદર્શીત કરાવેલ હોય તેવો પણ કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલો નથી કે આરોપીએ પોર્નોગ્રાફીના હેતુથી ભોગબનનારને કોઈ વસ્તુ દેખાડેલી હોય તેવો પણ કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલો નથી કે જાતીય ઈરાદ સાથે આરોપી ભોગબનનારનો સતત પીછો કરતો હોય તેવો પણ કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. તેમજ, આરોપીએ ભોગબનનારને કોઈ પણ પ્રચાર–પ્રસારના કોઈપણ માધ્યમ દ્બારા, વાસ્તવિક કે બનાવટી/ખોટી રીતના ચિત્ર/શબ્દોમાં કે જે ઈલેકટ્રોનીક, ચલચિત્ર અથવા આંકડાકીય અથવા અન્ય કોઈપણ રીતના માધ્યમ દ્બારા, બાળકના શરીરના કોઈપણ ભાગને અથવા બાળકને સાંકળીને જાતીય–કૃત્ય માટે રજુ કરીને ઉપયોગ કરવાની ધમકી આપેલી હોય તેવો પણ કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. તેમજ, નગ્ન કામચેષ્ટાના હેતુસર ભોગબનનારને લલચાવેલ હોય અથવા તેના માટે ભોગબનનારને ઉપહાર આપેલ હોય તેવો પણ કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. જેથી, ફરીયાદ પક્ષ પોકસો એકટની કલમ–૧૧ના તત્ત્વો પુરવાર કરી શકેલ નથી અને તેથી આરોપીએ પોકસો એકટની કલમ–૧૨ મુજબનો શિક્ષાપાત્ર ગુનો આચરેલ હોવાનું પુરવાર થઈ શકતું નથી.

**૪૬.** આમ, આરોપી સામે ફરમાવેલ તહોમત મુજબ આરોપીએ ભોગ બનનાર સાથે શારીરીક સંભોગ કરેલ હોવાની પાયાની હકીકતો ફરીયાદપક્ષ યોગ્ય રીતે પુરવાર કરી શકેલ નથી અને તેથી પોકસો એકટની કલમ–૨૯ અને કલમ–૩૦ નું અનુમાન અમલમાં આવતું નથી.

**૪૭.** આમ, ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો જોવામાં આવે તો, આરોપીએ ભોગબનનારને લલચાવી, ફોસલાવી તેના માતા–પિતાના વાલીપણામાંથી ભગાડી લઇ ગયેલ હોય તેવું પુરવાર થઇ શકતું નથી તેમજ આરોપીએ ભોગબનનાર સાથે શરીર સંભોગ કરેલાનું પણ પુરવાર થઇ શકતું નથી કે આરોપીએ ભોગબનનારની જાતીય સતામણી કરેલી હોવાનું પુરવાર થઈ શકતું નથી.

**૪૮.** આમ, ફરીયાદપક્ષ એ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી કે, આરોપીએ તા.૧૦/૭/૨૫ પહેલા જાતિય ઈરાદાઓથી ભોગબનનારને ફોન લઈ આપી તથા ભોગબનનાર સાથે ફોન ઉપર વાતચીત કરી તથા આરોપીએ તા. ૧૦/૭/૨૫ ના રાત્રીના સમયે આ કામના ફરીયાદીની સગીર વયની દીકરી ભોગબનનાર ઉ.વ.–૧૭ વર્ષ, ૩ માસને તેમના ગામેથી પટાવી, ફોસલાવી, લગ્ન કરવાની લાલચ આપી, તથા શારીરીક શોષણ કરવાના ઈરાદે તેણીના વાલીની સંમતિ વગર ભોગબનનારનું અપહરણ કરી અમદાવાદ તથા મોરબી મુકામે લઈ જઈ ભોગબનનાર સાથે અવાર નવાર શરીર સંભોગ કરી તથા ફરીયાદ આપી તે પહેલા પણ ભોગબનનાર સાથે તેમના ગામે આવેલ જંગલમાં અવાર નવાર શરીર સંભોગ કરી આરોપીએ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ) તથા ધી પોકસો એકટની કલમ ૪, ૬, ૧૨ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે. જેથી, મુદ્દા નં. ૨ થી ૪નો જવાબ ''નકારમાં'' આપવામાં આવેલ છે.

**મુદ્દા નં.૫ :–**

**૪૯.** મુદ્દા નં.૧ થી ૪ ના નિર્ણયને આધિન મુદ્દા નં.૫ પરત્વે નીચે મુજબ નો હુકમ કરવામાં આવે છે.

## –: આખરી હુકમ:–

૧. આરોપી સંજયભાઈ ગુલાબભાઈ ખાંટ, રહે. જુના મીરાપુર ખાંટ ફળિયું, તા. શહેરા, જિ.પંચમહાલનાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ – ૨૫૮(૧) અન્વયે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ) તથા ધી પોકસો એકટની કલમ–૪,૬,૧૨ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. મુદ્દામાલ કપડાંનો અપીલ સમય બાદ નાશ કરવો. આ ગુનાના કામે કબજે લેવામાં આવેલ મોટર સાઈકલ નં.જી.જે. ૧૭ સીડી ૪૪૫૨ સંદર્ભે વચગાળાના તબકકે કરવામાં આવેલ હુકમ અપીલ સમય વીત્યે બિનશરતી કાયમ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આરોપીએ ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ ૪૮૧ ની જોગવાઈ અન્વયે રૂા.૧૦,૦૦૦/–(અંકે રૂપીયા દશ હજાર પુરા)ના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા રજુ રાખવા.

હુકમ આજરોજ તા.ત્રીસમી, માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

મુ. ગોધરા.

તા.૩૦/૦૪/૨૦૨૬

**( રાકેશ જે. પટેલ )**
સ્પે.જજ(પોકસો) અને
ચોથા એડી.સેસન્સ જજ,
પંચમહાલ, મુ.ગોધરા.
UIC No.GJ00833